# ધનસુરાના ખડોલ ગામે વરઘોડા પર હૂમલો

## વરઘોડા પર બે જુથોનો હિંસક હૂમલો થતા ગામમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ : એટ્રોસીટીનો કેસ પાછો ખેંચી લેવા અને સમાધાન માટે આરોપીઓનું દબાણ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના અને મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોરના વતન નજીક આવેલા ખડોલ ગામે દલિત સમાજ, ઠાકોર સમાજ અને ભરવાડ સમાજના લોકોની વસ્તી ધરાવે છે. ગુરૂવારે દલીત સમાજના યુવાનના લગ્નપ્રસંગે નિકળેલા વરઘોડા પર ઠાકોર સમાજના અને ભરવાડ સમાજના લોકોએ એક સંપ કરી ગાળો બોલી હાથની મારામારી કરી એકાએક હૂમલો કરતા નાસભાગ મચી ગઈ હતી. લગ્નપ્રસંગમાં હાજરી આપવા આવેલા સગા સંબંધીઓમાં ભયની લાગણી ફેલાઈ હતી. ધનસુરા પોલીસે ખડોલ ગામના ૨૯ ઠાકોર અને ભરવાડ સમાજના લોકો સામે એટ્રોસીટી એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. દલિત સમાજના લોકોને ફરિયાદો પાછી ખેંચી સમાધાન કરી લેવા ધમકીઓ મળતા દલિત સમાજના લોકોએ ધનસુરા પોલીસ સ્ટેશનમાં ધામા નાખ્યા છે.

ધનસુરા તાલુકાના ખડોલ ગામે ગુરૂવારે બાબરભાઈ ધુળાભાઈ ચમારના પૌત્રનો લગ્નપ્રસંગ હોવાથી ખડોલ ગામમાં પૌત્રનો વરઘોડો નિકળતા ગામના અસામાજીક તત્વોએ વરઘોડો ગામમાંથી પસાર નહિ થવા દેવા ઠાકોર સમાજ અને ભરવાડ સમાજના લોકોએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી વરઘોડાના સ્થળે પહોંચી વરઘોડો અટકાવી લગ્નપ્રસંગમાં આવેલા મહેમાનો અને સગાસંબંધીઓને રોકી, જાતિ વિષયક અપશબ્દો બોલી, વિભત્સ ગાળો બોલવી, જપાઝપી કરતા સંગીતાબેન તથા જયાબેનના ગળામાં પહેરેલ દોરો ખોવાઈ ગયા હતા તેમજ કેશાભાઈના કેમેરામેનને નુકશાન પહોંચાડતા અફડાતફડી મચી ગઈ હતી. વરઘોડામાં રહેલા ખડોલ ગામના દલિતોએ ઠાકોર સમાજના લોકો આગળ આજીજી કરી ઝઘડો નહિ કરવા સમજાવેલા એટલામાં ૧૦૦ નંબર પર સંપર્ક કરતા પોલીસ આવી જતા પોલીસ દ્વારા રક્ષણ મેળવી વરઘોડો ઘર સુધી લઈ ગયા હતા. બાબરભાઈએ પોતાના પ્રસંગે હિચકારો હૂમલો થતા ગભરાઈ ગયા હતા અને ખડોલ ગામના દલિત સમાજના ઘરોમાં અચાનક વરઘોડો કાઢવા જેવી સામાન્ય બાબતમાં ઝપાઝપી થતા ભયનો માહોલ ફેલાયો હતો.

ખડોલ ગામના બાબરભાઈ ધુળાભાઈ ચમાર સાથે ટેલીફોનીક વાતમાં જણાવ્યું હતું કે આઝાદીના આટલા વર્ષો પછી પણ કેટલાક ગામડાઓમાં દલિતોની સ્થિતિ દયનીય અને દલિતોને અસ્પૃશ્ય ગણવામાં આવી રહ્યા છે.

ખડોલ ગામના ઠાકોર અને ભરવાડ સમાજના લોકો દ્વારા એટ્રોસીટીની ફરિયાદ પાછી ખેંચી લેવા અથવા સમાધાન કરવા માટે ધાક-ધમકીઓ આપવામાં આવી રહી છે. તેમજ ગામમાં પ્રવેશશો તો જીવવુ ભારે પડી જશે જેવી ધમકીઓ મળી રહી છે. જો પોલીસ દ્વારા આવા અસામાજીક તત્વો સામે સખ્ત પગલા નહિ ભરવામાં આવે તો ખડોલ ગામમાં મારા પરિવારને રહેવુ મુશ્કેલ અને આફતરૂપ નિવડી શકે છે.





### આરોપીઓના નામ

ડાહ્યાભાઈ કોદરભાઈ પરમાર, લાલાભાઈ સરદારભાઈ પરમાર, દિનેશભાઈ કાન્તિભાઈ પરમાર, તુષારભાઈ ભુપતસિંહ પરમાર, જશવંતભાઈ ભીખાભાઈ પરમાર, ઈન્દ્રજીતભાઈ ભવાનભાઈ પરમાર, શંકરભાઈ દાજીભાઈ પરમાર, રમેશભાઈ મોહનભાઈ પરમાર, લાલાભાઈ ફુલાભાઈ પરમાર, મહેશભાઈ લાલાભાઈ પરમાર, સંદીપભાઈ ઈન્દ્રજીતભાઈ પરમાર, કરણભાઈ રમેશભાઈ પરમાર, સુનિલભાઈ જવાનભાઈ પરમાર, વિજયભાઈ રમેશભાઈ પરમાર, જયદીપભાઈ રમેશભાઈ પરમાર, રોહિતભાઈ ધીરજભાઈ પરમાર, દશરથભાઈ અરજણભાઈ પરમાર, શનાભાઈ રમેશભાઈ પરમાર, અમરતભાઈ લખાભાઈ પરમાર, દિપકભાઈ જવાનભાઈ પરમાર, મોહનભાઈ અમરતભાઈ પરમાર, રણજીતભાઈ સરદારભાઈ પરમાર, જશુભાઈ ભેમાભાઈ (પોલીસવાળા), ભરવાડ રાજુભાઈ કાનાભાઈ, ભરવાડ હિતેશભાઈ જયંતિભાઈ, ભાવેશભાઈ કમશીભાઈ ભરવાડ, નરેન્દ્રભાઈ અમરતભાઈ પરમાર, મયંકભાઈ ભુતપસિંહ પરમાર, રમેશભાઈ હેમાભાઈ પરમાર, રમેશભાઈ કનુભાઈ પરમાર, રમિલાબેન રાજેન્દ્રભાઈ રમેશભાઈ પરમાર તમામ રહે. ખેડોલ, તા. ધનસુરા, જી. અરવલ્લી.

### પાલનપુરમાં પાણી યાત્રામાં કોંગ્રેસ મહિલા આગેવાનોએ માટલા ફોડી ભાજપ સરકારનો વિરોધ

સમગ્ર ગુજરાતમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પાણી યાત્રા શરૂ કરવામાં આવી છે. ત્યારે આજે બનાસકાંઠામાં ગતરોજ જિલ્લાના થરાદથી શરૂ કરાયેલી પાણી યાત્રા આજે પાલનપુર ખાતે આવી પહોંચી હતી.

આજે સવારે પાલનપુર જિલ્લા કોંગ્રેસ કાર્યાલયથી નીકળેલી પાણી યાત્રા પાલનપુર શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી અને સીમલા ગેટ ખાતે ડૉ. બાબાસાહેબની પ્રતિમાને કોંગ્રેસના આગેવાનો દ્વારા ફૂલહાર કરવામાં આવ્યા હતા. જ્યારે કોંગ્રેસ મહિલા આગેવાનોએ માથા પર ખાલી માટલા મુકી રાજ્ય સરકારના વિરોધમાં સૂત્રોચ્ચાર કરી જાહેર માર્ગ પર માટલા ફોડી રાજ્યની ભાજપ સરકારનો વિરોધ કર્યો હતો. આ પાણી યાત્રામાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણ, પાલનપુર ધારાસભ્ય મહેશ પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ ચૌહાણ સહીત કાર્યકર્તા જોડાયા હતા.

# બાયડમાં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું અપહરણ

## પથ્થરના ઘા ઝીંકી ફરાર : બાયડ પોલીસે બે સગીરવયના આરોપીઓને દબોચી લીધા : રૂપિયા તો ન મળ્યા પણ જેલની હવા ખાવાનો વારો આવ્યો

મોડાસા, તા. ૨૯

બાયડ તાલુકા શાળા ધોરણ-૮માં અને મારૂતિનંદન સોસાયટીમાં પ્રણવ બિપીનભાઈ ભાટીયાનું બુધવારે સોસાયટીમાં રહેતા બે સગીર વયના યુવાનોએ સહેલાયથી રૂપિયા મેળવવા પ્રણયને ટેબ્લેટમાં ગીતો ભરાવાની લાલચ આપી તેના પિતાની આંખો આગળ બાઈક પર બેસાડીને ઉઠાવી ગયા હતા અને અલવાકંપાના સીમાડામાં અવાવરૂ જગ્યાએ લઈ જઈ ગળુ દબાવી માથામાં પથ્થર મારતા માથામાંથી લોહીની ધારાઓ વછુટતા બન્ને યુવાનો ગભરાઈ ગયા હતા અને પ્રણવને ઘટનાસ્થળે મુકી ફરાર થઈ ગયા હતા. બાળકને હોંશ આવતા રોડ પર આવી લોકોની મદદ વડે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. પ્રણવે સોસાયટીમાં રહેતા અને તેના બે મિત્રોએ જ આ કારસ્તાન આચર્યુ હોવાનું જાણવા મળતા બન્ને ગુન્હાહીત માનસ ધરાવતા યુવાનો પર ફીટકાર વરસી હતી. બાયડ પોલીસે બન્ને આરોપીઓને દબોચી લઈ એક યુવાનને મોડાસા સબજેલમાં તથા અન્ય આરોપીને બાળ અદાલતમાં રજુ કર્યો હતો.

બાયડ શહેરમાં ક્રાઈમ પેટ્રોલની સ્ટોરીને ટક્કર મારે તેવી ઘટના બની હતી. ધો. ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું તેના બે મિત્રોએ જ રૂપિયાની લાલચે અપહરણ કરતા સનસનાટી મચી ગઈ હતી. મારૂતિનંદન સોસાયટીમાં રહેતા પ્રણવ બિપીનભાઈ ભાટીયાનું અપહરણ કરી પથ્થરના ઘા ઝીંક્યાની ચકચારી ઘટના બની હતી. આ ઘટનાને અંજામ આપનાર આરોપી અજય શંકરભાઈ ખાંટને મોડાસા સબજેલમાં ધકેલાયો હતો, જ્યારે અન્ય આરોપીનો બાળ અદાલતમાં પોલીસ દ્વારા રજુ કરવામાં આવ્યો છે.

પ્રણવને ટેબ્લેટમાં ગીતો ડાઉનલોડ કરી આપવાની લાલચ આપી બન્ને આરોપીઓ બાઈક પર બેસાડી બાઈક બાયડથી દૂર આવેલા અલવા ગામ તરફ દોડાવી મુકતા પ્રણવે પુછતા ભગવાન માટે ફૂલો લેવા જઈ રહ્યા હોવાનું જણાવી મોજશોખ માટે રૂપિયા મેળવવાનો મગજમાં પ્લાન ઘડી ચુકેલા બન્ને ગુન્હાહીત માઈન્ડેડ યુવાનોએ અવાવરૂ જગ્યાએ લઈ જઈ માથામાં પથ્થર મારી બેભાન કરી ફોન કરી રૂપિયા પડાવી લેવાની લાલચને અંજામ આપતા બાળકના માથામાં પથ્થર ફટકારતા માથામાંથી લોહીની ધારાઓ ફુટી નીકળતા બન્ને આરોપીઓ ગભરાઈ જતા બાળકને ઘટનાસ્થળે છોડી ફરાર થઈ ગયા હતા. બાળકે હિંમત કરી રોડ પર આવી લોકોની મદદ વડે વાત્રક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. બાયડ પી.એસ.આઈ. સી.બી. ચૌહાણે ઘટનાને ગંભીરતાથી લઈ અપહરણ કરનાર બન્ને સોસાયટીના યુવાનોને દબોચી લીધા હતા અને જન્મ તારીખના દસ્તાવેજના આધારે એક આરોપીને સબજેલ મોડાસા ખાતે અને અન્ય આરોપી સગીર વયનો હોવાથી બાલ અદાલતમાં રજુ કર્યો હતો.








### હિંમતનગરમાં રન ફોર ગુજરાત યોજાશે

હિંમતનગર, તા. ૨૯

રાષ્ટ્રીય તહેવારો અને ગુજરાત ગૌરવ દિનની રાજ્યકક્ષાએ અલગ અલગ જિલ્લાઓમાં ઉજવણી કરાય છે. જે અંતર્ગત ૧લી મે ગુજરાત સ્થાપના દિન નિમિત્તે હિંમતનગર ખાતે રન ફોર ગુજરાત દોડ યોજાશે. જે અંતર્ગત તા. ૧લી મેના રોજ હિંમતનગરના જિલ્લા પંચાયત ખાતેથી સવારે ૭.૩૦ કલાકે રન ફોર ગુજરાત દોડનો પ્રારંભ થશે. આ દોડ ટોલટેક્ષ થઈ ભોલેશ્વર ખાતેના સાબર સ્ટેડિયમમાં સમાપન થશે. આ દોડમાં જિલ્લાની શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓ, સ્વૈચ્છિક સંસ્થાના અગ્રણીઓ, ઓફીસરો તથા નગરજનો ભાગ લેશે. દોડમાં પ્રથમ ૧૦૦ ક્રમે આવનાર દોડવીરોને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરાશે.

# થરાદના ગણેશપુરા ગામે સાળાની હત્યા કરનાર સગા બનેવીને આજીવન કેદ

## એક વર્ષ અગાઉ મસ્તી કરવા જેવી બાબતે ધોકા વડે માથાના ભાગે હૂમલો કરી હત્યા કરી હતી

દિયોદર, તા. ૨૯

થરાદ તાલુકાના ગણેશપુરા ગામે એક વર્ષ અગાઉ સગા સાળાને માથાના ભાગે ધોકા વડે હૂમલો કરી હત્યા કરનાર આરોપી બનેવીને દિયોદર એડિશનલ સેસન્સ કોર્ટે આજીવન કેદ અને દસ હજારનો દંડ ખુલ્લી અદાલતમાં સંભળાવ્યો હતો.

જાણવા મળતી માહિતી મુજબ થરાદ તાલુકાના ભોરડુ ગામે રહેતા રમીલાબેન ગણપતભાઈ વાઘરી તેમના સગાભાઈને મળવા માટે ગણેશપુરા ગામે ગયા હતા તે સમય ખેતરના અંદર દશરથ વાઘરી તથા તેના ભાઈ વિશ્નુભાઈ વાઘરી મસ્તી કરી રહ્યા હતા. તે સમયે ગણપતભાઈ વાઘરીએ કહેલ કે કેમ મસ્તી કરો છો તેવુ કહી આવેશમાં આવી ગયા હતા અને છાપરામાંથી એક થાંભલી (ધોકો) ખેંચી લાવી દશરથના માથાના ભાગે હૂમલો કર્યો હતો. જેમાં વધુ ઈજા થવાના કારણે દશરથ વાઘરીનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જે અંગે મૃતકની બહેન અને આરોપીની પત્નીએ તા. ૧૫-૪-૧૫ના રોજ થરાદ પોલીસમથકે રમીલાબેન વાઘરીએ તેમના પતિ વિરૂદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી હતી. જે અંગેની તપાસ થરાદ પી.એસ.આઈ. એ.પી. ગામેતીએ હાથ ધરી હતી અને આરોપીને જેલના સળીયા પાછળ ધકેલી દિધો હતો. જે કેસ આજે દિયોદર એડિશનલ સેસન્સ કોર્ટ વી.કે. પુજારા સમક્ષ ચાલ્યો હતો. જેમાં નજરે જોનાર મૃતકની બહેન અને આરોપીની પત્નીની જુબાની લેવામાં આવી હતી. જેમાં સરકારી વકિલ આર.ડી. જોષીએ આ હત્યા કેસમાં ધારદાર દલીલો કરી હતી. જેમાં તમામ પુરાવા આરોપી વિરૂદ્ધ હોવાથી હત્યારા બનેવી ગણપતભાઈ વિભાભાઈ વાઘરીને આજીવન કેદ તથા દસ હજારનો દંડનો ચુકાદો આપ્યો હતો.



# પાલનપુરમાં કેરીના રસમાં ખુલ્લેઆમ ભેળસેળ

## ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ, પાલિકા તંત્રની ચૂપકીદી : પ્રજાજનોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા

પાલનપુર, ૨૯

પાલનપુર શહેરમાં જાહેર માર્ગોની બાજુમાં ફૂટપાથ ઉપર દબાણ કરીને કેટલાક શખ્સોએ શેરડી રસના સેન્ટર શરૂ કરી દીધા છે. જેમાં ભેળસેળયુક્ત રસ આપી પ્રજાજનોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરવામાં આવી રહ્યા છે. ભેળસેળયુક્ત કેરીના રસનો વેપલો કરતા વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે તેવી પ્રજા માંગ ઉઠી છે.

પાલનપુર શહેરના દિલ્હીગેટ, સિમલાગેટ, કિર્તીસ્તંભ, ગઠામણ દરવાજા, ગુરૂનાનક ચોક, રેલવે સ્ટેશન રોડ, બસ સ્ટેન્ડ રોડ, કોઝી તેમજ હાઈવે વિસ્તારમાં ઉનાળાની ઋતુનો ફાયદો ઉઠાવવા માટે શેરડી રસના કોલુ, કેરી રસના સેન્ટરો બિલાડીના ટોપની જેમ બની ગયા છે. રૂ. ૧૦ થી ૧૫માં એક ગ્લાસ જ્યુશ આપતા વેપારીઓ ખુલ્લેઆમ ભેળસેળ કરી પ્રજાજનોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે. તેમ છતાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ, નગરપાલિકા તંત્ર ચૂપકીદી સેવી રહ્યું છે. ભેળસેળયુક્ત કેરીનો રસ વેચતા વેપારીઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હોવાથી તંત્રની કાર્યવાહી સામે પણ અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે.

કેવી રીતે કેરીના રસમાં ભેળસેળ કરવામાં આવે છે ગ્રાહક જ્યારે જ્યુશ સેન્ટરમાં જાય ત્યારે તે દેખે તે રીતે એક કેરીમાંથી નામ પુરતા કટકા જ્યુશરમાં નાંખવામાં આવે છે. જે બાદ અગાઉથી કાપીને ડીસમાં મુકેલા પપૈયા, કોળા, નાંખવામાં આવે છે. જ્યુશનો રંગ પીળો થાય તે માટે કલર તેમજ મીઠાસ માટે એસન્સ નાખી ખુલ્લેઆમ ભેળસેળ કરવામાં આવી રહી છે. જે એક ગ્લાસના રૂ. ૧૦ થી ૧૫ લઈ લોકોના આરોગ્ય સાથે ચેંડા થઈ રહ્યા છે.






# વિરપુરમાં દુષ્કર્મના ગુનામાં હવસખોરને ૧૦ વર્ષની સખત કેદ

ઈડર તાલુકાના વિરપુર ગામના એક શખ્સ દ્વારા ગામની જ સગીરાનું અપહરણ કરી તેની ઉપર વિવિધ જગ્યાએ દુષ્કર્મ આચર્યા અંગેનો કેસ ગુરૂવારે હિંમતનગરની સ્પેશ્યલ પોસ્કો કોર્ટમાં ચાલ્યો હતો. કોર્ટના ન્યાયાધીશે સગીરા પર દુષ્કર્મ આચરનાર શખ્સને કસુરવાર ઠેરવી ૧૦ વર્ષની સખત કેદની સજા સાથે દંડ ફટકાર્યો છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૩માં બનેલી ઘટના અંગે વિરપુરના શખ્સ વિરૂદ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

ઈડર તાલુકાના વિરપુર ગામે રહેતા ઈશ્વરભાઈ રમણભાઈ રાઠોડે તા. ૩૧ ઓગષ્ટ ૨૦૧૩ના રોજ ગામની સગીરાને લલચાવી, ફોસલાવી બદનામ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયો હતો. નરાધમે સગીરાને દાવડ (પ્રેમપુર) વિગેરે જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચરતા અને તે અંગેની કોઈને વાત ન કહેવા બાબતે ધમકીઓ આપતા ઈશ્વર રાઠોડ વિરૂદ્ધ જાદર પોલીસે ગુનો દર્જ કર્યો હતો. પોલીસ આરોપીની ધરપકડ કરી લીધા બાદ સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યુ હતું.

અપહરણ સાથે દુષ્કર્મની ઘટના અંગેનો કેસ હિંમતનગરની ખાસ પોસ્કો અદાલતમાં ગુરૂવારે ચાલી જતા પોસ્કો કોર્ટના સ્પેશ્યલ જજ એન.સી. રાવલે જિલ્લા સરકારી વકીલ અરવિંદ જે. પટેલની દલીલો અને દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં રાખી ઈશ્વર રમણભાઈ રાઠોડને કસુરવાર ઠેરવ્યો હતો.

### રાયગઢ-અડપોદરા માર્ગ પર બાઈકે ટક્કર મારતા રાહદારીનું મોત

હિંમતનગર તાલુકાના રાયગઢથી અડપોદરા જતા માર્ગ પર બુધવારે ચાલતા જઈ રહેલા એક ઈસમને બાઈક ચાલકે ટક્કર મારતા માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી. જેના પગલે રાહદારીનું કરૂણ મોત થયું હતું. જ્યારે અકસ્માતની ઘટના બાદ બાઈકચાલક ભાગી છુટતા તેની વિરૂદ્ધ મૃતકના પિતાએ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ગુનો દર્જ કરાયો હતો. રાયગઢથી અડપોદરા જતા માર્ગ પરથી રાયગઢના વસંતકુમાર ચુનીલાલ નાયી બુધવારે સવારે ચાલતા જઈ રહ્યા હતા તે દરમિયાન માર્ગ પરથી પસાર થતા બાઈક નંબર જી.જે.૯.સીજે.૪૫૭૩ના બાઈક ચાલકે પુરઝડપે આવી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને કારણે વસંતકુમાર નાયીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નિપજતા મૃતકના પિતા ચુનીલાલ નાયીએ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ભાગી છુટેલા બાઈક ચાલક વિરૂદ્ધ બુધવારે ફરિયાદ નોંધાવી હતી. ગાંભોઈ પોલીસે બાઈકચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.